અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ ના અસરકારક અમલ માટે તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ સામાજિક સમરસતા શિબિર/સેમીનારના આયોજન બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-હસલ/૧૨૨૦૧૩/૬૨૪૬૯૨/હ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૨/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૦/૦૨/૧૯૭૯ નો ઠરાવ ક્ર:-એસસીડબલ્યુ-૧૦૭૯-૨૬૬૭-(૭૯)-૪

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક. પ્રભાગ)નો તા.૨૭/૦૩/૧૯૯૨ નો ઠરાવ ક્ર:-એસસીડબલ્યુ-૧૦૯૧-૧૦૩-૪

(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક. પ્રભાગ)નો તા.૧૬/૦૫/૧૯૯૨ નો ઠરાવ ક્ર:-હસલ-૩૫૯૦-૧૬૮-હ. સેલ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૨/૦૬/૨૦૨૩ નો પત્ર ક્ર:-અજાક/છ-૫/૨૦૨૩/૨૫૯

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) થી (૩) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ ના અસરકારક અમલ માટે સદરહુ અધિનિયમોની જોગવાઈઓ, અધિનિયમો અન્વયે મળતું રક્ષણ તથા અસ્પૃશ્યતા નિવારણ અંગેના રાજ્ય સરકારના કાર્યક્રમોની માહિતી તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આવાસ, આરોગ્ય તથા અન્ય તમામ અમલિત યોજનાઓથી સામાજિક કાર્યકરો, જાહેર જનતા તથા અનુસૂચિત જાતિના લોકો માહિતગાર થાય તે માટે શિબિરો, સેમીનાર તેમજ વર્કશોપ યોજવાનું ઠરાવેલ છે.

ઉક્ત ઠરાવોથી સદર યોજનામાં શિબિર/વર્કશોપ/સેમીનારના આયોજન માટે નીચે મુજબની રકમ આપવાની જોગવાઈ છે.

| ક્રમ | વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાએ એક શિબિર દીઠ | રૂ.૫,૦૦૦/- |
| ૨ | જિલ્લા કક્ષાએ એક વર્કશોપ દીઠ | રૂ.૩,૦૦૦/- |
| ૩ | જિલ્લા કક્ષાએ એક સેમીનાર દીઠ | રૂ.૩૦,૦૦૦/- |
| ૪ | રાજ્ય કક્ષાએ એક સેમીનાર દીઠ | રૂ.૪૦,૦૦૦/- |

આ યોજનાના દરમાં ઘણા લાંબા સમયથી વધારો કરવામાં આવેલ ન હોઈ, વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૨/૦૬/૨૦૨૩ ના પત્રથી આ રકમમાં વધારો કરવા



eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (01:00 PM)

તેમજ તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાના સામાજિક સમરસતા શિબિરનું આયોજન કરવા અંગેની સત્તા આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાના સામાજિક સમરસતા શિબિર/સેમીનારનું આયોજન નીચે મુજબની જોગવાઇઓ તથા શરતોને આધીન કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

### (૧) તાલુકા કક્ષાની સામાજિક સમરસતા શિબિર

તાલુકા કક્ષાએ સામાજિક સમરસતા શિબિરનું આયોજન કરવાની સંપૂર્ણ જવાબદારી સમાજ કલ્યાણ નિરીક્ષકની રહેશે.

શરતો:-

- ૭૦ થી ૧૦૦ વ્યકિતઓ

  જેમાં તાલુકા પંચાયતની તમામ સમિતિઓના ચેરમેનશ્રીઓ, જે તે ગામના સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રીઓ (માત્ર મહિલાઓ), તાલુકાના તમામ જ્ઞાતિના આગેવાનો/અગ્રણી વ્યકિતઓ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના એવોર્ડ વિજેતાઓને આમંત્રણ આપી શકાશે.
- ચા-નાસ્તો તેમજ ભોજનનું આયોજન
- ૧ દિવસની શિબિર રહેશે તેમજ ભાડું આપવાનું રહેશે નહીં.
- સરકાર હસ્તકના કોઇ પણ તાલુકા કક્ષાના હોલનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ જ્યાં સરકાર હસ્તકના હોલ ઉપલબ્ધ ન હોય ત્યાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના હોલનો ઉપયોગ કરવાનો રહેશે.
- ખુરશી-માઇક ભાડે લઇ શકશે.
- સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ તાલુકા કક્ષાની સામાજિક સમરસતા શિબિરના ફોટોગ્રાફ સહિતનો અહેવાલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલી આપવાનો રહેશે.
- તાલુકા કક્ષાની સામાજિક સમરસતા શિબિરનું સંપૂર્ણ આયોજન રૂ.૧૦,૦૦૦/- ની મર્યાદામાં કરવાનું રહેશે. રૂ.૧૦,૦૦૦/-થી વધુ કરેલ ખર્ચ સંબંધિત તાલુકા પંચાયત કચેરીએ ભોગવવાનો રહેશે.

### (૨) જિલ્લા કક્ષાનો સામાજિક સમરસતા સેમીનાર

જિલ્લા કક્ષાએ સામાજિક સમરસતા સેમીનારનું આયોજન કરવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

શરતો:-

- ૩૦૦ થી ૪૦૦ વ્યકિતઓ

  જેમાં જિલ્લા પંચાયતની તમામ સમિતિઓના ચેરમેનશ્રીઓ અને સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતની તમામ સમિતિના ચેરમેનશ્રીઓ, જિલ્લાના તમામ જ્ઞાતિના આગેવાનો/અગ્રણી વ્યકિતઓ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના એવોર્ડ વિજેતાઓને આમંત્રણ આપી શકાશે.
- ચા-નાસ્તો તેમજ ભોજનનું આયોજન
- ૧ દિવસનો સેમીનાર રહેશે તેમજ ભાડું આપવાનું રહેશે નહિ.



eSign Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (01:00 PM)

- જિલ્લા કક્ષાના આંબેડકર ભવનના હોલનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ જ્યાં સરકાર હસ્તકના હોલ ઉપલબ્ધ ન હોય ત્યાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાના હોલનો ઉપયોગ કરવાનો રહેશે.
- ખુરશી–માઇક ભાડે લઇ શકશે.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીએ જિલ્લા કક્ષાના સામાજિક સમરસતા સેમીનારના ફોટોગ્રાફ સહિતનો અહેવાલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલી આપવાનો રહેશે.
- જિલ્લા કક્ષાના સામાજિક સમરસતા સેમીનારનું સંપૂર્ણ આયોજન રૂ.૪૦,૦૦૦/– ની મર્યાદામાં કરવાનું રહેશે. રૂ.૪૦,૦૦૦/– થી વધુ કરેલ ખર્ચ સંબંધિત જિલ્લા પંચાયત કચેરીએ ભોગવવાનો રહેશે.

**(૩) રાજ્ય કક્ષાનો સામાજિક સમરસતા સેમીનાર**

રાજ્ય કક્ષાના સામાજિક સમરસતા સેમીનારનું આયોજન નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના પરામર્શમાં રહી કરવાનું રહેશે. રાજ્ય કક્ષાના સમરસતા સેમીનારનું આયોજન ગાંધીનગર ખાતે કરવાનું રહેશે.

<u>શરતો:-</u>

- ૭૦૦ થી ૧૦૦૦ વ્યકિતઓ (હોલની ક્ષમતાના અનુસાર)

જેમાં સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ), સમાજ કલ્યાણ અધિકારીશ્રી તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રીઓ તથા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના અનુસૂચિત જાતિના સભ્યશ્રીઓ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના વિવિધ એવોર્ડ વિજેતાઓને આમંત્રણ આપી શકાશે.

વધુમાં, અનુસૂચિત જાતિના સંસદસભ્યશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓને આમંત્રિત મહેમાનો તરીકે આમંત્રણ આપી શકાશે.

- ચા–નાસ્તો તેમજ ભોજનનું આયોજન
- ૧ દિવસનો સેમીનાર રહેશે તેમજ ભાડુ આપવાનું રહેશે નહિ.
- રાજ્ય કક્ષાની સેમીનાર માટે રાજ્ય કક્ષાના ટાઉન હોલ/આંબેડકર ભવનના હોલનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ જયાં સરકાર હસ્તકના હોલ ઉપલબ્ધ ન હોય ત્યાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાના હોલનો ઉપયોગ કરવાનો રહેશે.
- ખુરશી–માઇક ભાડે લઇ શકશે.

૨. તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ સામાજિક સમરસતા શિબિર/સેમીનારના આયોજન માટે નીચે મુજબની રકમનો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ રકમ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રીને ફાળવવાની રહેશે.

| ક્રમ | વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાની સામાજિક સમરસતા શિબિર | રૂ.૧૦,૦૦૦/– |
| ૨ | જિલ્લા કક્ષાનો સામાજિક સમરસતા સેમીનાર | રૂ.૪૦,૦૦૦/– |
| ૩ | રાજ્ય કક્ષાનો સામાજિક સમરસતા સેમીનાર | રૂ.૧,૦૦,૦૦૦/– |

૩. તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાના સામાજિક સમરસતા શિબિર/સેમીનારમાં અનુસૂચિત જાતિઓ સહિત તમામ વર્ગના લોકોને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આવાસ, આરોગ્ય તથા અન્ય તમામ અમલિત તમામ યોજનાઓથી (અનુસૂચિત જાતિ/જનજાતિ



eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (01:00 PM)

(અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ સહિત) માહિતગાર કરવાના રહેશે.

૪. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક:-૯૫, મુખ્ય સદર:-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર:-૦૧ SCW-૧૯ સામાજિક અને સશક્તિકરણ.(કુંવરબાઈનું મામેરૂં, માઈ રમા બાઈ સાત ફેરા સમૂહ લગ્ન, સમાજ શિક્ષણ શિબિરો અને પ્રચાર-પ્રસાર) ખાતે ઉધારવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (01:00 PM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ સવિનય રવાના:-

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
(૨) માન મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
(૩) માન. સર્વે મંત્રીશ્રીઓ /રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સરદાર ભવન, ગાંધીનગર.
(૪) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સરદાર ભવન, ગાંધીનગર.
(૫) માન. રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સરદાર ભવન, ગાંધીનગર.
(૬) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદાર ભવન, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ
(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
(૧૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૩) સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
(૧૪) સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ
(૧૫) સચિવાલયના સર્વે વિભાગો
(૧૬) સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
(૧૭) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.
(૧૮) સિલેક્ટ ફાઈલ-૨૦૨૪.